પરિપત્ર
અગત્યનું

ક્રમાંકઃનર્સીંગ/આસી.ન.સુપ્રિ./બઢતી/ખા.અ/બ-૩/૧૯
કમિશ્નરશ્રીની કચેરી, આરોગ્ય, તબીબી સેવાઓ
અને તબીબી શિક્ષણ (તબીબી વિભાગ)બ્લોક-૫/ ૧,
ડો.જીવરાજ મહેતા ભવન, સેકટર-૧૦, ગાંધીનગર,
તા. ૨૧/૧૦/૨૦૧૯

વિષયઃ- હેડનર્સ વર્ગ-૩ માંથી આસીસ્ટન્ટ નર્સીંગ સુપ્રિન્ટેન્ડેન્ટ વર્ગ-૩ સંવર્ગમાં બઢતી અંગે ખાનગી અહેવાલ તેમજ અન્ય માહિતી મોકલવા બાબત

કમિશ્નરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણના નિયંત્રણ હેઠળની સંસ્થાઓ ખાતે ફરજ બજાવતા હેડનર્સ વર્ગ-૩ સંવર્ગના કર્મચારીઓને આસીસ્ટન્ટ નર્સીંગ સુપ્રિન્ટેન્ડેન્ટ વર્ગ-૩ માં બઢતી આપવા માટે આ સાથે સામેલ સીનીયોરીટી લીસ્ટમાં જણાવેલ કર્મચારીઓની નીચે જણાવેલ વિગત મોકલી આપવા જણાવવામાં આવે છે.

(૧) હેડનર્સ વર્ગ-૩ સંવર્ગની તા.૦૧/૦૪/૨૦૧૯ ની પરિસ્થિતિ દર્શાવતી આખરી પ્રવર્તમાન યાદી www.gujhealth.gujarat.gov.in પર પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. જેમાં સીનીયોરીટી ક્રમાંક-૮૨૯ સુધીના કર્મચારીઓને આસીસ્ટન્ટ નર્સીંગ સુપ્રિન્ટેન્ડેન્ટ વર્ગ-૩ સંવર્ગમાં બઢતી આપવામાં આવેલ છે. ત્યાર પછીના સીનીયોરીટી ક્રમાંક-૮૩૦ થી ૧૨૩૦ સુધીના કર્મચારીઓને બઢતી આપવાની વિચારણા હાથ ધરવાની થાય છે.

(૨) <u>આ સાથે સામેલ પત્રકમાં દર્શાવેલ કર્મચારીઓના વર્ષ :૨૦૧૪-૨૦૧૫ થી વર્ષ :૨૦૧૮-૧૯ સુધીના ખાનગી અહેવાલો, સર્વિસ હીસ્ટ્રીશીટ (સેવાપોથીની ચકાસણી કરીને) ખાતાકીય તપાસ અંગેનું પ્રમાણપત્ર, સીસીસી/સીસીસી પ્લસ પરીક્ષા પાસ કર્યાનું પ્રમાણપત્ર.</u>

(૩) પત્રકમાં દર્શાવેલ કર્મચારીઓ પૈકી અનુ.જાતિ/અનુ.જન.જાતિના કર્મચારીઓના જાતિ અંગેનું પ્રમાણપત્રની પ્રમાણિત નકલ.

(૪) સામેલ લીસ્ટમાં જણાવેલ કર્મચારીઓ પૈકીના કોઇ કર્મચારીની બદલી અન્ય સંસ્થા ખાતે થયેલ હોય તો તેઓના ખાનગી અહેવાલ અને સંપુર્ણ વિગતો મેળવી અત્રેની કચેરીને પહોંચતી કરવાની જવાબદારી હાલમાં કર્મચારી જે જગ્યાએ ફરજ બજાવતા હોય તે સંસ્થાના વડાની રહેશે.

(૫) વધુમાં સામેલ યાદીમાં કોઇ કર્મચારીનો સમાવેશ થયેલ ન હોય પણ તા.૦૨/૦૬/૨૦૧૫ ના રોજ આપવામાં આવેલ હેડનર્સ વર્ગ-૩ તરીકે બઢતીથી ફરજ પર હાજર થયેલ હોય તો, તેવા હેડનર્સ વર્ગ-૩ કર્મચારીની સેવાપોથીની ચકાસણી કરી તેઓની પણ બઢતી સબંધિત ઉકત માહિતી તેમજ આસીસ્ટન્ટ નર્સીંગ સુપ્રિન્ટેન્ડેન્ટ વર્ગ-૩ ની આપની સંસ્થા ખાતેની મંજુર ભરેલી અને ખાલી જગ્યાની વિગતો પણ મોકલી આપવાની રહેશે.

ઉકત માહિતી આ કચેરીને તા.૨૫/૧૦/૨૦૧૯ સુધીમાં મળી જાય તે રીતે મોકલી આપવાની રહેશે.

અધિક નિયામક
તબીબી સેવાઓ, ગાંધીનગર

પ્રતિ,

- તબીબી અધિક્ષકશ્રી, સીવીલ હોસ્પિટલ, અમદાવાદ/રાજકોટ/ભાવનગર/વડોદરા/સુરત/જામનગર.
- મુખ્ય જીલ્લા તબીબી અધિકારી સહ સીવીલ સર્જનશ્રી, જનરલ હોસ્પીટલ, તમામ.
- અધિક્ષકશ્રી, જનરલ/સરકારી/કોટેજ/માનસિક આરોગ્ય હોસ્પીટલ તમામ.
- અધિક્ષકશ્રી, રૂક્ષ્મણીબેન હોસ્પિટલ, અમદાવાદ
- અધિક્ષકશ્રી, સામુહિક આરોગ્ય કેન્દ્ર તમામ

**નકલ રવાના** : વિભાગીય નાયબ નિયામકશ્રી, આરોગ્ય અને તબીબી સેવાઓ, તમામ તરફ આપના તાબા હેઠળની સંસ્થાઓની માહિતી દર્શાવેલ સમયગાળા સુધીમાં અત્રેની કચેરીને મળે તેવી વ્યવસ્થા કરવા સારૂ.

<u>પરિપત્ર</u>
અગત્યનું

ક્રમાંકઃનસીંગ/હેડનર્સ/બઢતી/ખા.અ/બ-૩/૧૯
કમિશ્નરશ્રીની કચેરી, આરોગ્ય, તબીબી સેવાઓ
અને તબીબી શિક્ષણ (તબીબી વિભાગ)બ્લોક-૫/ ૧,
ડો.જીવરાજ મહેતા ભવન, સેકટર-૧૦, ગાંધીનગર,
તા. ૧૧/૧૦/૨૦૧૯

વિષયઃ- સ્ટાફનર્સ વર્ગ-૩ માંથી હેડનર્સ વર્ગ-૩ સંવર્ગમાં બઢતી અંગે ખાનગી અહેવાલ તેમજ અન્ય માહિતી મોકલવા બાબત

કમિશ્નરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણના નિયંત્રણ હેઠળની સંસ્થાઓ ખાતે ફરજ બજાવતા સ્ટાફનર્સ વર્ગ-૩ સંવર્ગના કર્મચારીઓને હેડનર્સ વર્ગ-૩ માં બઢતી આપવા માટે આ સાથે સામેલ સીનીયોરીટી લીસ્ટમાં જણાવેલ કર્મચારીઓની નીચે જણાવેલ વિગત મોકલી આપવા જણાવવામાં આવે છે.

(૧) સ્ટાફનર્સ વર્ગ-૩ સંવર્ગની તા.૦૧/૦૪/૨૦૧૯ ની પરિસ્થિતિ દર્શાવતી આખરી પ્રવર્તમાન યાદી www.gujhealth.gujarat.gov.in પર પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. જેમાં સીનીયોરીટી ક્રમાંક-૧૯૭૬ સુધીના કર્મચારીઓને હેડનર્સ વર્ગ-૩ સંવર્ગમાં બઢતી આપવામાં આવેલ છે. ત્યાર પછીના સીનીયોરીટી ક્રમાંક-૧૯૭૭ થી ૨૪૦૦ સુધીના ના કર્મચારીઓને બઢતી આપવાની વિચારણા હાથ ધરવાની થાય છે.

(૨) <u>આ સાથે સામેલ પત્રકમાં</u> દર્શાવેલ કર્મચારીઓના વર્ષ :૨૦૧૪-૨૦૧૫ થી વર્ષ :૨૦૧૮-૧૯ <u>સુધીના ખાનગી અહેવાલો, સર્વિસ હીસ્ટ્રીશીટ (સેવાપોથીની ચકાસણી કરીને)</u> ખાતાકીય તપાસ <u>અંગેનું પ્રમાણપત્ર, સીસીસી/સીસીસી પ્લસ પરીક્ષા</u> પાસ કર્યાનું <u>પ્રમાણપત્ર</u>. સાથોસાથ <u>સીનીયોરીટી ક્રમાંક ૧૯૭૬ સુધીના કર્મચારીઓ પૈકી જે કર્મચારીઓને</u> અગાઉ બઢતી મળેલ ન <u>હોય તેવા કર્મચારીઓની વિગતો</u> જરૂરી <u>અભિપ્રાય</u> સહ અવશ્ય <u>મોકલવાની</u> રહેશે. (દા.ત.બંધ કવર માં હોય <u>તેવા</u>)

(૩) સ્ટાફનર્સ વર્ગ-૩ સંવર્ગની તા.૦૧/૦૪/૨૦૧૯ ની પરિસ્થિતિ દર્શાવતી આખરી પ્રવર્તમાન યાદીમાંના ક્રમાંક ૨૪૦૦ થી ૨૫૫૦ સુધી આવતા અનુ.જાતિ ના કર્મચારીઓની વિગતો તેમજ સીનીયોરીટી ક્રમાંક-૨૪૦૦ થી ૨૮૦૦ સુધી આવતા અનુ.જન.જાતિના કર્મચારીઓની વિગતો સાથોસાથ અનુ.જાતિ/અનુ.જન.જાતિના કર્મચારીઓના જાતિ અંગેનું પ્રમાણપત્રની પ્રમાણિત નકલ મોકલવાની રહેશે.

(૪) સામેલ લીસ્ટમાં જણાવેલ કર્મચારીઓ પૈકીના કોઇ કર્મચારીની બદલી અન્ય સંસ્થા ખાતે થયેલ હોય તો તેઓના ખાનગી અહેવાલ અને સંપુર્ણ વિગતો મેળવી અત્રેની કચેરીને પહોંચતી કરવાની જવાબદારી હાલમાં કર્મચારી જે જગ્યાએ ફરજ બજાવતા હોય તે સંસ્થાના વડાની રહેશે.

(૫) વધુમાં સામેલ યાદીમાં કોઇ કર્મચારીનો સમાવેશ થયેલ ન હોય પણ તા.૦૯/૦૧/૨૦૧૯ ના રોજ આપવામાં આવેલ હેડનર્સ વર્ગ-૩ તરીકે બઢતીથી ફરજ પર હાજર થયેલ હોય તો, તેવા હેડનર્સ વર્ગ-૩ કર્મચારીની સેવાપોથીની ચકાસણી કરી તેઓની પણ બઢતી સબંધિત ઉકત

માહિતી તેમજ હેડનર્સ વર્ગ-૩ ની આપની સંસ્થા ખાતેની મંજુર ભરેલી અને ખાલી જગ્યાની વિગતો પણ મોકલી આપવાની રહેશે.

ઉકત માહિતી આ કચેરીને તા.૨૫/૧૦/૨૦૧૯ સુધીમાં મળી જાય તે રીતે મોકલી આપવાની રહેશે.

અધિક નિયામક
તબીબી સેવાઓ, ગાંધીનગર

પ્રતિ,

- તબીબી અધિક્ષકશ્રી, સીવીલ હોસ્પિટલ, અમદાવાદ/રાજકોટ/ભાવનગર/વડોદરા/સુરત/જામનગર.
- મુખ્ય જીલ્લા તબીબી અધિકારી સહ સીવીલ સર્જનશ્રી, જનરલ હોસ્પીટલ, તમામ.
- અધિક્ષકશ્રી, જનરલ/સરકારી/કોટેજ/માનસિક આરોગ્ય હોસ્પીટલ તમામ.
- અધિક્ષકશ્રી, રૂક્ષ્મણીબેન હોસ્પિટલ, અમદાવાદ
- અધિક્ષકશ્રી, સામુહિક આરોગ્ય કેન્દ્ર તમામ

નકલ રવાના : વિભાગીય નાયબ નિયામકશ્રી, આરોગ્ય અને તબીબી સેવાઓ, તમામ તરફ આપના તાબા હેઠળની સંસ્થાઓની માહિતી દર્શાવેલ સમયગાળા સુધીમાં અત્રેની કચેરીને મળે તેવી વ્યવસ્થા કરવા સારૂ.